ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૧૧-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

સત્ય છાપરે ચડીને પોકારે છે

સાડા પાંચ વરસ અગાઉ દિલ્હીની સરહદ પર નવવિકસિત નોઈડા વિસ્તારના જલવાયુ વિહારના વૈભવી ફ્લૅટમાં બનેલી ડબલ મર્ડર ઘટનાથી દેશ આખો આઘાતમાં સરી પડ્યો હતો. ડેન્ટિસ્ટ તલવાર દંપતીની એકની એક દીકરી અને ઘરનોકર હેમરાજની કરપીણ હત્યાની રહસ્ય કથાનો તાગ મેળવવામાં ઉત્તરપ્રદેશ પોલીસ અને સીબીઆઈ સતત જુદી જુદી થિયરી પર તપાસ કરતાં રહ્યાં, કમ્પાઉન્ડર અને નોકરોના પણ નાર્કો ટેસ્ટ કરાવ્યા અને એક તબક્કે આ જઘન્ય અપરાધનો કોઈ નક્કર પુરાવો નહીં મળતો હોવાનું કબૂલી સીબીઆઈએ પણ હાથ હેઠા મૂકી દીધા હતા. ધન્યવાદ છે ન્યાયપાલિકાની એ ખુરશીને, જેણે ક્લોઝર રિપોર્ટ દાખલ કરવા આવેલી સીબીઆઈને એ જ રિપોર્ટને ચાર્જશીટ ગણી વધુ તપાસ કરવા આદેશ કર્યો. સીબીઆઈની શાખ પણ શંકાના દાયરામાં આવી ગઈ હતી, પરંતુ અનેક પ્રકારની તપાસના અંતે એણે નોઈડા પોલીસે શંકાની સોય ખુદ તલવાર દંપતી ભણી ફેરવેલી ત્યાં જ આવીને ક્લોઝર રિપોર્ટમાં એમના પ્રત્યે શંકા હોવાનું જણાવ્યું હતું, જે અંતે સાંયોગિક પુરાવાઓના આધારે એમને અપરાધી ઠેરવવામાં પરિણમ્યું. નામદાર સીબીઆઈ કોર્ટે તલવાર દંપતીના લાખ ઉધામા અને વિવિધ પ્રકારનાં દબાણોને નજર અંદાજ કરી આખી ઘટના 'ઓનર કિલિંગ' પ્રકારની હોવાનું માની લઈ બેઉને સજા કરી છે. આ ઘટના કેટકેટલા સૂચિતાર્થો સાથે પ્રગટે છે! પહેલાં તો એ આધુનિક જીવનશૈલીને કારણે આપણું કુટુંબ જીવન કેવા કરૂણ વળાંકે આવીને ઊભું છે, એનો પરચો પૂરે છે. ભારતીય સંસ્કૃતિના આપણા ગૌરવ અને ગર્વ પર આરુષિ જેવી નમણી લાડકી મરતાં મરતાં કેવો તમાચો મારતી ગઈ! કોઈ સ્વપ્રે પણ માનવા તૈયાર નહીં થાય કે એક જ બાળકથી પરિવારને પૂર્ણ સુખી ગણતા હિંદુ ભદ્રસમાજનાં આવાં સુશિક્ષિત અને સંપન્ન માતા-પિતા એક નોકર સાથે એમની લાડકી દીકરીને વાંધાનજક સ્થિતિમાં જોઈ આટલી હદે ક્રૂર બની શકે. પરંતુ ત્યાં પેલું પરંપરાગત ખાનદાની લોહી ચિત્રમાં આવી જાય છે. તલવાર પંજાબી છે, પંજાબી અને હરિયાણાવી પરિવારોમાં 'આબરૂ'ના ખ્યાલો તો હજી એ જ સોળમી સદીવાળા અકબંધ રહ્યા છે. એમને મન બહેન-દીકરી કે પરણેતરની યૌન પવિત્રતા એ મોટો સદ્‌ગુણ છે અને એમાંથી ચલિત થનાર પોતાનું લાડકું સંતાન હોય તો પણ એને મારી નાખતાં એ અચકાશે નહીં. એક એવી શકયતા પણ છે કે હેમરાજને મારવા ઉગામેલી ગોલ્ફ સ્ટીકનો ફટકો એમની લાડકીએ ઝીલી લીધો હોય. આખરે આ મુગ્ધવયની બાળાની કામુકતાનો ગેરલાભ લઈ રહેલ ઘરના જૂના નોકર ઉપર ફાટી નીકળેલો એક ખાનદાન બાપનો ગુસ્સો હતો. એમાં નોકર કે દીકરી- બે પૈકી એકેની હત્યાનો ઈરાદો નહોતો. એટલે કોર્ટને જે તારણ કાઢવું હોય તે કાઢે, પણ આ કદાચ આવેશમાં આવી જઈ કરાયેલ હત્યા હતી. એ 'કોલ્ડ બ્લડેડ' મર્ડર ન જ હોઈ શકે. પરંતુ એકવાર બેઉ જીવોની હત્યા થઈ જ ગઈ હોવાની પ્રતીતિ થતાં ડેન્ટિસ્ટ દંપતીએ મૂંઝાઈ જઈને આ જઘન્ય અપરાધમાંથી સલામત રીતે બહાર નીકળી જવા માટે જે કાંઈ કરવા જેવું લાગ્યું તે છાતી પર પથ્થર મૂકીને કરી દીધું હોવું જોઈએ. આખા દેશને હચમચાવી મૂકનારી આ જઘન્ય ઘટના સામે વગવસીલો અને નાણાંની રેલંછેલ કરી આખો કેસ અભરાઈએ ચડાવી દેવાના પ્રયાસોમાં ગુનેગારો સફળ ન થઈ શકયા એમાં સૌથી પહેલાં અભિનંદન ઘટે છે ન્યાયપાલિકાને, જેણે સીબીઆઈના ક્લોઝર રિપોર્ટને જ ચાર્જશીટમાં ફેરવી દીધી. બીજા યશભાગી છે મીડિયા કર્મીઓ. જો આ કેસ પરત્વે આટલો મોટા પાયે હોબાળો ન થયો હોત તો આરુષિની ચીસ અને હેમરાજનો વલવલાટ-તરફડાટ ક્યાંય દબાઈ- દટાઈ ગયાં હોત. 'સત્ય છાપરે ચડીને પોકારે છે' એ ઉક્તિ આ કેસમાં અદ્દલ સાબિત થતી લાગશે. હેમરાજનું મડદું ફ્લૅટના ધાબા પરથી મળી આવ્યું ત્યારથી જ પોલીસને ઘરમાલિક પર શક ગયો હતો. એક સંભ્રાંત પરિવારના માથે આવું આળ આવે ત્યારે સ્વાભાવિક રીતે જ એના શુભેચ્છકો અને સ્વજનોને એ માનવાનું મન ન જ થાય, પરંતુ ન્યાયની દેવીને એની સહાનુભૂતિ પોસાય નહીં. પોલીસ, સીબીઆઈ, રાજકારણ અને 'વહેવાર'- એ તમામ ઉપરાંત શ્રેષ્ઠ ધારાશાસ્ત્રીઓથી પણ તલવાર દંપતીનું- ભલે આવેશમાં આવીને થઈ ગયું છતાં પાપ તો પાપ જ છે- એ પાપ છાવરી ન શકાયું એ આપણા ન્યાયતંત્રની અને ઉપરવાળાની ન્યાયપ્રિયતાની બલિહારી છે. સીબીઆઈ પણ સાંયોગિક પુરાવાઓના આધારે માત્ર ડૉ. રાજેશ તલવાર અને નૂપુર તલવારને જ દોષિત ઠેરવી શકી તે એની કાર્યદક્ષતા સૂચવે છે. કવિ દલપતરામ કહે છે એમ 'ભોંયમાં પેસી ભોંયરે કરીએ કોઈ વાત/ એ જાણએ જગતનો તાત!' પરંતુ આખા કેસમાં સૌથી મોટી વિષાદકારક વિડંબના તો એ છે કે એક વહાલસોઈ પુત્રીની અણસમજ કે આવેગ સામે સમજણાં માતાપિતા જરા ધૈર્યપૂર્વક અને કુનેહથી વરતી ન શકયાં. આપણા કુટુંબ જીવનની કથળી રહેલી કઠોર વાસ્તવિકતાનું આ નેત્રદીપક અને હૈયું વિદારનારું ચિત્ર નથી શું?

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં નાણા વિભાગની ટીમનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૨૬

સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખા દ્વારા આયોજીત આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની તાજેતરમાં યોજાયેલી મેચમાં નાણા વિભાગની ટીમે ટોસ જીતી નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને બેટીંગ આપતા ૩૦ ઓવરની મેચમાં ૧૧૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેમાં બેટીંગમાં પ્રકાશ મોદી ૨૧ રન, વિરલ દુબલ ૨૪ રન મુખ્ય હતાં. અને બોલીંગમાં પ્રકાશ જોષી ૬ ઓવરમાં ૨ વિકેટ, અર્જુન ચૌધરી ૪ ઓવરમાં ૨ વિકેટ, નિલેશ ચાવડા અને વિરલ દુબલે ૧-૧ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગે ૨૪.૩ ઓવરમાં ૧૨૨ રન કરતા ૪ વકેટે ભવ્ય વિજય મેળવ્યો છે. જેમાં બેટીંગમાં સંદિપસિંહ ચાવડા-૪૫ રન (ચાર ચોગ્ગા અને બે સીક્સ), હિતેન્દ્ર સેઈલર-૧૯ રન (ત્રણ ચોગ્ગા) નોટ આઉટ, કમલેશ સોલંકી-૧૩ રન, ભરત ઠાકર ૬ રન નોટ આઉટ રહ્યા હતા અને બોલીંગમાં સંદિપસિંહ ચાવડા ૬ ઓવરમાં ૪ વિકેટ, હિતેન્દ્ર સેઈલર ૬ ઓવરમાં ૨ વિકેટ, ધવલ અગ્રાવત અને શૈલેષ પ્રજાપતિએ ૧-૧ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગની ટીમનો ૪ વિકેટે ભવ્ય વિજય થયો છે. નાણા વિભાગના સંયુકત સચિવશ્રી જે.એલ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા, ટીમના મેનેજર તરીકે દિનેશ બી. દાણી તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ટીમના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. મેન ઓફ ધી મેચ સંદિપસિંહ ચાવડા રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

સરદારે આખું જીવન આપણને સાથે રાખવામાં ગાળ્યું.
હવે તમે તેના નામ પર અમારી સાથે નહીં રહો...!!

રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દ્વારા આયોજિત અનૌપચારિક સંસ્કૃત સંભાષણ કેન્દ્ર દિલ્હી દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્કૃત સંભાષણના વર્ગોનું ઉદ્‌ઘાટન કાર્યક્રમ કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ફાર્મસી કોલેજ કેમ્પસ સેકટર-૨૩ ખાતે યોજાઈ ગયો. આ પ્રસંગે ઉદ્‌ઘાટક તરીકે સંસ્થાના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃત સંભાષણના વર્ગના સંચાલક ડૉ. આશાબેન માઢકે સંસ્કૃતના મહત્વ વિશે અને અભ્યાસક્રમ વિશે વિસ્તારથી માહિતી આપી હતી.

સહયોગ મંડળ ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સહયોગ મંડળ ગાંધીનગરનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ તા. ૨૩ નવેમ્બરના રોજ સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં મંડળ દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે આવનાર જરુરીયાતમંદ દર્દીઓને જરુરી દવાઓ તેમજ અનેક ચીજ વસ્તઓનું નિઃશુલ્ક વિચરણ કરવામાં આવશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ સમારંભમાં રતિલાલ સુથાર, જયેન્દ્ર પરીખ, દશરથલાલ પટેલ, બહેચરભાઈ પ્રજાપતિ, ડૉ. નટુભાઈ ત્રિવેદી, રવિન્દ્રભાઈ દવે સહિત અનેક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના ૩૧ ખેલાડીઓ અને ૮ કોચ એશિયા-પેસિફીક ગેમ્સ માટે ઓસ્ટ્રેલિયા

ખેલપ્રેમી રાજ્ય સરકારે ખેલાડીઓને સંપૂર્ણ આર્થિક સહાય કરી

(કુંતલ નિમાવત દ્વારા)
ગાંધીનગર, તા. ૨૬

સ્પેશિયલ ઓલિમ્પિક્સના ઉપક્રમે ગુજરાત રાજ્યના ૩૧ ખેલાડીઓ અને ૮ કોચ આવતીકાલે ઑસ્ટ્રેલિયા જવા રવાના થઈ રહ્યા છે. સીડનીથી ૨૦૦ કિમી દૂર ન્યૂ કાસેલ ખાતે તા. ૧થી ૭ ડિસેમ્બર દરમ્યાન આયોજિત એશિયા-પેસિફીક સ્પર્ધામાં તેઓ ભાગ લેશે. ભારત દેશ તરફથી આ સ્પર્ધામાં ભાગ લઈ રહેલા ૩૦૦ ખેલાડીઓ અને ૧૦૦ કોચની ટીમમાં તેઓ સામેલ છે.

૧૪થી ૩૪ વર્ષની વયજૂથના આ ખેલાડીઓ ભાવનગર, અમદાવાદ, મહેસાણા, રાજકોટ, વલસાડ, દાહોદ, આણંદ અને બારડોલીના રહેવાસીઓ છે, જેમાં ૨૩ છોકરાઓ અને ૮ છોકરીઓનો સમાવેશ થાય છે. એથ્લેટીક્સ, બેડમિંટન, બાસ્કેટબોલ, ફૂટબોલ, ટેબલ ટેનીસ, સ્વીમીંગ અને બોસી જેવી સ્પર્ધાઓમાં આ ખેલાડીઓ ભાગ લેશે. ખેલાડીઓના કોચ તરીકે પસંદગી પામેલા ૮ એજ્યુકેટર્સમાં પણ ૬ પુરુષ અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. ગાંધીનગરના રહેવાસી જિજ્ઞેશ રાવલ પણ આ કોચ પૈકીના એક છે, જેમની હેડ ઑફ ડેલીગેશન તરીકે પસંદગી કરવામાં આવી છે.

રાજ્યની ખેલપ્રેમી સરકારે આ સઘળા ખેલાડીઓના પ્રવાસ અને યુનિફોર્મ માટે સંપૂર્ણ સહાય પૂરી પાડી છે. રાજ્ય સરકારની આ ઉમદા સહાયને સઘળા ખેલપ્રેમીઓએ એક અવાજે પ્રશસ્ત કરી છે અને ખેલાડીઓ સહિત રાજ્ય સરકારને પણ અભિનંદન પાઠવ્યા છે.

ગાંધીનગરમાં નવા સચિવાલય પરિસર ખાતે સ્વર્ણિમ સંકુલમાં આ ખેલાડીઓને આર્થિક સહાયના ચેક અને શુભેચ્છાઓ પાઠવવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન આજે કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા, સચિવ શ્રી ભાગ્યેશ જહા તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડિરેક્ટર જનરલ પ્રદીપ પ્રધાન ઉપસ્થિત રહ્યા હતા. પ્રત્યેક ખેલાડીને પ્રવાસ ઉપરાંત સ્પોર્ટ્સ કીટની સહાય મળી કુલ રૂપિયા પંદર લાખથી વધુની સહાય આ વિશિષ્ટ ખેલાડીઓ તથા તેમના કોચને આપવામાં આવી હતી.

સદર એશિયા-પેસિફીક ગેમ્સ માટે ગત જુલાઈ માસમાં એક પસંદગી કમ ટ્રેનીંગ કેમ્પ ચેન્નાઈ ખાતે યોજવામાં આવ્યો હતો, જ્યાં ગુજરાતના આ

ખેલાડીઓ પસંદગી પામ્યા હતા. એ પછી ઑગષ્ટ માસ દરમ્યાન હૈદરાબાદ ખાતે તેમના માટે એક ટ્રેનીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો, દેશભરના ખેલાડીઓએ ભાગ લીધો હતો. સઘળા ખેલાડીઓ તથા કોચને પણ આ સ્પર્ધા સહિત ઑસ્ટ્રેલિયાના સમગ્ર પ્રવાસ માટે નગરના ખેલપ્રેમી વ્યક્તિઓ તથા જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જી ઈ ક્લબ, ગ્રોફાઉન્ડેશન, ફોર મોસ્ટ ગ્રૂપ, અવસર કલા મંદિર, વેણુ ભારતી જેવી વિવિધ સંસ્થાઓ તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

આપણને ગોલ્ડ મેડલ સિવાય બીજું કંઈ ફાવતું જ નથી

"મારી શુભકામનાઓ છે કે તમે બધા ઑસ્ટ્રેલિયાથી મેડલ જીતીને આવો. અને મેડલ એટલે ? આપણને ગોલ્ડ મેડલ સિવાય બીજું કંઈ ફાવતું જ નથી." આ શબ્દો હતા રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના.

સ્પેશિયલ ઓલિમ્પિક્સના ઉપક્રમે એશિયા-પેસિફીક ગેમ્સમાં ભાગ લેવા માટે જઈ રહેલા ગુજરાત રાજ્યના ૩૧ ખેલાડીઓ અને ૮ કોચને આર્થિક સહાયના ચેક અને શુભેચ્છા પાઠવવાના એક વિશેષ સમારોહમાં મંત્રીશ્રી રમણલાલ વોરા હળવા મૂડમાં જણાતા હતા. તેમણે ખેલાડીઓને શુભકામનાઓ પાઠવતાં ગોલ્ડ મેડલ જીતીને આવવાની વાત કરતાં જ ઉપસ્થિત સૌ શ્રોતાઓ હસી પડ્યા હતા અને તેમની વાતને તાળીઓથી વધાવી લીધી હતી. એ જ રીતે રાષ્ટ્રીય સ્તરે બેસ્ટ સ્વીમર સાબિત થનાર અમદાવાદની દીકરી માના પટેલનું સન્માન કરતાં પણ તેમણે સાનાના ગોલ્ડ મેડલ તરફ નિર્દેશ કરીને કહ્યું હતું, 'પહેરી લે તું તારે છે એટલા.' એ સમયે પણ સૌ હસી પડ્યા હતા. અલબત્ત, આટલી હળવાશમાંય તેમણે માહિતી ખાતાના કર્મચારીઓને આ સમાચાર સારી રીતે પ્રસારિત થાય એ માટેની સૂચના આપી હતી.



રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ખેલાડીને જોઈને ખેલાડીઓ વધુ ઉત્સાહમાં

સ્પેશિયલ ઓલિમ્પિક્સના ઉપક્રમે એશિયા-પેસિફીક ગેમ્સમાં ભાગ લેવા માટે જઈ રહેલા ગુજરાત રાજ્યના ૩૧ ખેલાડીઓ અને ૮ કોચને આર્થિક સહાયના ચેક અને શુભેચ્છા પાઠવવાના એક વિશેષ સમારોહમાં પોતાનું ઉદ્‌બોધન આપતાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ રાજ્ય સરકારની ખેલ મહાકુંભ યોજનાની ઉચ્ચતમ ફળશ્રુતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે 'ખેલ મહાકુંભમાં નીવડેલી રાજ્યની એક ખેલાડી માના પટેલ દેશની સર્વશ્રેષ્ઠ સ્વીમર સાબિત થઈ છે.'

આમ કહી તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત માના પટેલ સાથે સૌનો પરિચય કરાવ્યો હતો અને મંત્રી શ્રી રમણલાલ વોરાએ માના પટેલનું સન્માન કર્યું હતું. ઉપસ્થિત સૌ ખેલાડીઓ, કોચ અને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી માના પટેલને વધાવી લીધી હતી અને સૌમાં એક નવા જ ઉત્સાહનો સંચાર થઈ ગયો હતો. અહોભાવથી માના પટેલનો જોતાં ખેલાડીઓનો જીત મેળવવાનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો.

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન યોજાયો

ગાંધીનગર, તા.૨૬

શ્રી ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજનો શૈક્ષણિક સંકુલ કુડાસણ ખાતે સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ તા. ૨૪ નવેમ્બર રવિવારના રોજ યોજાઈ ગયો.

ખાખરિયા છાસઠ સમાજના સ્નેહમિલન સમારોહ કાર્યક્રમમાં ધો-૧ થી ૧૨ના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અનેક ક્ષેત્રે સમાજનું નામ ઉજાગર કરનાર પ્રતિભાશાળી વ્યકિતઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહમાં સમાજના યુવા પ્રમુખ તરીકે ભરતભાઈ પ્રજાપતિની વરણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન તેમણે યુવાનોને વિકાસમાં ભાગીદાર થઈ તન, મન, ધનથી સમાજમાં સહકાર આપવા જણાવ્યું હતું.

'યુવા સેના' પ્રમુખ અશ્વિનભાઈ પ્રજાપતિ નારોલાએ સામાજીક અને શૈક્ષણિક નવચેતના માટે યુવાનોને કામે લાગી જવા કહ્યું હતું. આ પ્રસંગે સમાજની ડીરેકટરી પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેના કન્વીનર તરીકે પોપટલાલ એસ. પ્રજાપતિની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ રામાભાઈ પ્રજાપતિ, નાગરભાઈ પ્રજાપતિ, ગૌતમકુમાર દલવાડી તેમજ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં.

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કરશે

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા પરગણના પાટણવાડા વણકર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે. ગાંધીનગર ખાતે વસતા ૧૩૫, ૫૨, અને ૧૩ પરગણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ દરમ્યાન ઉચ્ચ ટકાવારી મેળવેલ હોય તેવા ધો. ૧૦-૧૨, સ્નાતક, અનુસ્નાતક, ડોક્ટર, એન્જીનીયર, ફાર્મસી જેવી અનેક કક્ષાએ તેજસ્વી હોય તેવા વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ કાર્યક્રમ જાન્યુઆરી-૧૪ માં યોજવામાં આવશે. સંપૂર્ણ વિગતો ભરેલ ફોર્મ તા. ૩૧ ડિસેમ્બર સુધી પ્રમુખ સુમંત કે. મકવાણા પ્લોટ નં. ૩૯૪/૧, સે.૨-બી ખાતે મોકલી આપવાના રહેશે.

શિક્ષણનું રગશિયું ગાડું કઈ દિશામાં ?

કેમ્પસ
- ધ્વનિલ પારેખ

ચારેકોર અત્યારે એક વાતની બૂમરાણ ચાલી રહી છે કે શિક્ષણનું સ્તર દિવસે ને દિવસે કથળતું જાય છે. એની સામે બીજી એક વાત અને વિરોધ લાગે એવી વાત એ પણ છે કે, નવી નવી શૈક્ષણિક સંસ્થાઓ બિલાડીના ટોપની જેમ ફૂટી રહી છે. એટલે વાત એમ કહી શકાય કે શિક્ષણ લેનારાઓની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે પણ એ કેવાં પ્રકારનું શિક્ષણ મેળવે છે એટલે કે એની ગુણવત્તા વિશે પ્રશ્નો જ પ્રશ્નો છે.

શિક્ષણ મેળવનારાની સંખ્યા વધી હોય, ગુણવત્તા પણ સારી હોય એની અસર સમાજ ઉપર પડવી જોઈએ. પણ આપણે જાણીએ છીએ કે સમાજ ઉપર એવી કોઈ અસર જોવા મળતી નથી. સમાજમાં નકારાત્મક કિસ્સાઓની સંખ્યા પણ દિનપ્રતિદિન વધતી જ જોવા મળે છે. જો, શિક્ષણ મેળવીને સમાજમાં બહાર પડતી સંખ્યા વધી હોય તો આવા નકારાત્મક કિસ્સાઓની સંખ્યા ઘટવી જોઈએ, પણ એવું બનતું નથી, એનો અર્થ એ થયો કે જે શિક્ષણ આપવામાં આવે છે, એમાં ક્યાંક કચાશ છે. કેટલાક સંજોગોમાં શિક્ષણ મેળનારની ક્ષમતા સામે પણ આંગળી ચીંધી શકાય એમ છે.

આજે સરેરાશ વિદ્યાર્થીને પૂછવામાં આવે કે એ શું કામ ભણે છે તો એનો ઉત્તર કદાચ એને ખબર નહીં હોય. કોલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પણ એનો સરખો ઉત્તર નહીં આપે. ટૂંકમાં, જેને એ શું કામ ભણે છે એ જ ખબર ન હોય પછી એ જે ભણે છે એની એના ઉપર અસર થાય એવી અપેક્ષા રાખવીએ કદાચ વધારે પડતી અપેક્ષા છે. વિદ્યાર્થી કોલેજમાં જે વિષય લઈને અભ્યાસ કરે છે એના વિશે પૂછવામાં આવે કે તે શા માટે આ વિષય લઈને અભ્યાસ કરવાનું પસંદ કર્યું? સો માંથી નેવું વિદ્યાર્થીનો જવાબ એ જ હશે કે મારા મિત્રો એ આ વિષય પસંદ કર્યો એટલે મેં પણ આજ વિષય પસંદ કર્યો. એટલે વિદ્યાર્થીનો મિત્ર નક્કી કરે છે કે, એણે કયા વિષય સાથે અભ્યાસ કરવાનો છે એ મિત્રને પૂછવામાં આવે તો એ એવો જવાબ આપશે કે ક્યાંય એડમિશન ન મળ્યું એટલે આ વિષય લઈને અભ્યાસ કરે છે. ટૂંકમાં, રગડિયા ગાડાંની માફક સૌ અભ્યાસ કરતા રહે છે, લક્ષ્ય હીન, શિક્ષણ પ્રણાલી આજે ચોમેર વ્યાપી છે, અને એવી શિક્ષણ પ્રણાલી સમાજ ઉપર કોઈ હકારાત્મક અસર ઉભી કરે એ તો બહુ દૂરની વાત છે.

વિદ્યાર્થી ઉચ્ચશિક્ષણનો અભ્યાસ શું કામ કરે છે, એ જ એને ખબર નથી અને છતાં એ એક પછી એક પદવીઓ હાંસલ કરતો જાય છે. સામાન્ય વિદ્યાર્થીઓની જ આ વાત નથી. જે તે ફેકલ્ટીમાં કે વિષયમાં સુવર્ણચંદ્રક મેળવનાર વિદ્યાર્થીઓને પણ પૂછવામાં આવે કે હવે, આગળ તમે શું કરશો?- આ પ્રશ્નના ઉત્તરમાં એનો જવાબ હશે કે ખબર નથી અથવા તો એમ કહેશે કે મમ્મી-પપ્પા જેમ કહેશે એમ કરીશ. ટૂંકમાં ઉચ્ચશિક્ષણમાં સુવર્ણચંદ્રક મેળવનાર વિદ્યાર્થી પણ પોતાની દિશા નક્કી કરી શકતો નથી. વળી, આપણે ત્યાં વાલીઓનો પણ બહુ મોટો માસ છે. પોતાના કોલેજમાં અભ્યાસ કરતા બાળકને પણ એણે કઈ દિશમાં અભ્યાસ કરવો છે, એ નક્કી કરવા દેતા નથી કે નથી તો એવી સુલભતા કરી આપતા પોતાના નિર્ણયો ઠોકી બેસાડે છે. હવે, સ્વાભાવિક છે કે જે વિદ્યાર્થી પર એના માતા-પિતાએ એમના નિર્ણયો ઠોકી બેસાડ્યા છે, એવા વિદ્યાર્થીને એવું પૂછવામાં આવે કે તું શું કામ ભણે છે ત્યારે એનો જવાબ ખબર નથી, એવો જ હોવાનો. જેને આપણે એની રૂચિ અનુસાર ભણવાની મોકળાશ જ નથી આપી. એ દિશાહીન હોય એ સ્વાભાવિક છે. પણ બધા જ કિસ્સામાં આ સાચું હોતું નથી. મોટાભાગના વિદ્યાર્થીઓ રગશિયાં ગાડાંની જેમ બી.એ., બી.કોમ., કે અન્ય પદવીઓ પ્રાપ્ત કરતા રહે છે અને શિક્ષણનાં ગાડાંને આગળ ધકેલતાં રહે છે. એમને ખબર જ નથી હોતી કે પોતે જે ગાડું હાંકી રહ્યા છે એમાં જે લાદ્યું છે અને એ ગાડું કઈ દિશામાં જઈ રહ્યું છે? હાંકેલા ગાડાંની રાશ એમના હાથમાં આવી ગઈ છે એટલે આ પણ હાંકયે રાખે છે અને એમ જ શિક્ષણનું રગશિયું ગાડું આગળ ધપાયે જાય છે!